


# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## મધ્યસ્થ ન્યાયપંચ

સહ વીર્યં કરવાવહૈ

*શ્રી બલરામભાઈ ત્રિકમજીભાઈ જેઠવા (ઉપપ્રમુખશ્રી મહાસભા, પ્રભારીશ્રી, મધ્યસ્થ ન્યાયપંચ)*
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ ભવન, ટાઉનહોલ પાસે, અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦ Mob. 9898370359

**સ્નેહી સમાજબંધુઓ...**

**જય સમાજ સહ સાદર વંદન, મહાસભાના આદ. પ્રમુખશ્રી, શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડાએ મહાસભાના સત્ર ૨૦૨૧-૨૩ માટે મહાસભાની ખૂબજ અગત્યની સમિતિ 'મધ્યસ્થ ન્યાયપંચ'ની જવાબદારી મને સોંપેલ છે. મધ્યસ્થ ન્યાયપંચની કામગીરીને સરળ, સુલભ બનાવવાના હેતુથી મધ્યસ્થ ન્યાયપંચ એવં તેમના ઝોનલ પ્રભારીશ્રીઓની નિમણુંક કરેલ છે. સર્વે સન્માનનીય સમાજબંધુઓને નમ્ર વિનંતી કે આપશ્રીના ઘટક/પ્રાદેશિકમાં જ્યારે પણ મધ્યસ્થ ન્યાયપંચની કામગીરીની જરૂરત પડે ત્યારે ઘટક પ્રમુખશ્રીની ભલામણ પત્ર સાથે ઝોનલ પ્રભારીશ્રીનો સંપર્ક સાધવા વિનંતી. જય સમાજ...**

*શ્રી બલરામભાઈ ત્રિકમજીભાઈ જેઠવા*
*(ઉપપ્રમુખશ્રી મહાસભા, પ્રભારીશ્રી, મધ્યસ્થ ન્યાયપંચ)*

શ્રી બલરામભાઇ ત્રિકમજીભાઇ જેઠવા – અંજાર
મો. ૯૩૨૮૫૩૦૧૧૯, ૯૮૯૮૩૭૦૩૫૯
શ્રી વિનોદભાઇ વાલજીભાઇ પરમાર – હૈદ્રાબાદ
મો. ૮૭૯૦૧૩૮૬૩૧
શ્રી સંજયભાઇ લીલાધરભાઇ પરમાર – અંજાર
મો. ૯૪૨૯૦૦૭૪૪૫
શ્રીમતી પુષ્પાબેન જીવરામભાઇ ટાંક – અંજાર
મો. ૯૯૯૮૭૭૭૪૫૧
શ્રી હરિલાલ કરસનભાઇ વાઢેર – અંજાર
મો. ૯૯૭૯૪૪૭૮૩૭
શ્રી ભગવાનજીભાઇ માધવજીભાઇ રાઠોડ – નાગલપર
મો. ૯૮૨૪૨૩૮૦૪૦
શ્રીમતી અનસુયાબેન જેરામભાભાઇ પરમાર – કુકમા
મો. ૯૯૯૮૬૨૧૮૨૮

**:: ઝોનલ પ્રભારીશ્રીઓ ::**

શ્રીમતી સરલાબેન જયંતભાઇ પરમાર – વડોદરા
(પ્રાદેશિક : ગુજરાત, રાજસ્થાન)
મો. ૯૪૨૭૦૬૫૨૩૨
શ્રી મહેન્દ્રભાઇ કેશવજીભાઇ રાઠોડ – બિલાસપુર
(પ્રાદેશિક : છત્તીસગઢ, પશ્ચિમ ઓડિસા)
શ્રી દયારામભાઇ મેપાભાઇ ચૌહાણ – મુંબઇ
(પ્રાદેશિક : મુંબઇ, મરાઠવાડા, આંધ્ર, કર્ણાટક, તામિલનાડુ)
મો. ૮૮૮૮૬૫૪૧૦૩
ડૉ. અશોકભાઇ હેમરાજભાઇ ટાંક – નાગપુર
(પ્રાદેશિક : વિદર્ભ, મહાકૌશલ)
મો. ૯૮૨૨૯૪૧૯૦૫
શ્રી કિરીટભાઇ રમણીકલાલ ચૌહાણ – ધનબાદ
(પ્રાદેશિક : કોલફિલ્ડ, સિંગભુમ, પ.બંગાળ)
મો. ૭૭૬૫૯૨૯૯૯૫

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા**

# મધ્યસ્થ ન્યાયપંચ

સહ વીર્યં કરવાવહૈ


પ્રભારી : મધ્યસ્થ ન્યાયપંચ મહાસભા

શ્રી બલરામભાઈ ત્રિકમજીભાઈ જેઠવા

શ્રી ક.ગુ.ક્ષ. (મિસ્ત્રી) સમાજ ભવન,

ટાઉન હોલ પાસે, અંજાર (કચ્છ) 370 110

Mob. 9898370359, 9328530119




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની તા. ૨/૬/૨૦૧૮ની જગદલપુર મધ્યેની અર્ધવાર્ષિક બેઠકમાં થયેલ ચર્ચા-વિચારણાને અંતે લેવાયેલ નિર્ણય મુજબ મધ્યસ્થ ન્યાયપંચની નવી કાર્યપ્રણાલી તાત્કાલીક અસરથી અમલમાં મુકેલ છે. જે પ્રાદેશિક સમિતિઓ અને જે ઘટકો પાસે વિવાદીત કેસ પેન્ડીંગ હોય તેઓ તેનું સમાધાન કરવા પ્રયાસ કરે અન્યથા મધ્યસ્થ ન્યાયપંચને ફોરવર્ડ કરી આપે જેથી કરીને એક કેન્દ્રીય વ્યવસ્થા દ્વારા આપણે ઉકેલ લાવી શકીએ.

## મધ્યસ્થ ન્યાયપંચની વ્યવસ્થા, રચના અને પ્રણાલિકા

**રચના :** મહાસભાના ત્રણ વર્ષના સત્રના પ્રારંભમાં મહાસભાના પ્રમુખશ્રી બંધારણના નિયમ ૩૯ (૭) પ્રમાણે મધ્યસ્થ ન્યાયપંચના પ્રમુખની નિયુક્તિ કરી મધ્યસ્થ ન્યાયપંચની રચના કરે છે.

**ઉદ્દેશ :** સમાજબંધુઓના લગ્નજીવનમાં ઉદ્‌ભવતા વિખવાદોના સામાજીક ધોરણે નિરાકરણ લાવવાના ઉદ્દેશથી મધ્યસ્થ ન્યાયપંચની વ્યવસ્થા કરવામાં આવે છે. આવા નિરાકરણના પ્રયાસોમાં સમાધાનના પ્રયાસોને પ્રાથમિક્તા આપવામાં આવે છે. જ્યારે સમાધાન શક્ય ન હોય ત્યારે જ કાનુની માન્યતા પ્રાપ્ત ''રૂઢીગત છુટાછેડા'' (Customary Divorce) આપવામાં આવે છે.

**વ્યવસ્થા :** (૧) મધ્યસ્થ ન્યાયપંચની કાર્યવાહી નીચે પ્રમાણે જણાવ્યા સ્થળે કરવામાં આવશે :-

(૧) અંજાર (૨) રાયપુર (૩) ધનબાદ (૪) નાગપુર (૫) અન્ય સ્થળે જે મધ્યસ્થ ન્યાયપંચ પ્રમુખશ્રીને યોગ્ય લાગે.

(૨) ઉપરોક્ત દરેક સ્થળે મધ્યસ્થ ન્યાયપંચની કાર્યવાહી સુચારૂરૂપે થઇ શકે તે માટે મધ્યસ્થ ન્યાયપંચ પ્રમુખશ્રી દરેક સ્થળે **એક અધિકૃત સમિતિની રચના કરશે,** અને આવી દરેક સમિતિના પ્રભારીશ્રી અને તેના સભ્યોની નિયુક્તિ પણ મધ્યસ્થ ન્યાયપંચના પ્રમુખશ્રી કરશે.

**પ્રણાલિકા : ફોર્મ નં. ૧ :** (૧) સમાજબંધુઓ પોતાના લગ્નજીવનમાં ઉદ્‌ભવતા વિખવાદોના નિરાકરણ માટે મહાસભાના નવા બંધારણ મુજબ સમાજની કોઇપણ વ્યક્તિ સીધેસીધી મધ્યસ્થ ન્યાયપંચના પ્રમુખશ્રીને અરજી કરી શકશે. આવી અરજી મહાસભા દ્વારા બનાવેલ 'ફોર્મ ૧'માં ભરવી આવશ્યક રહેશે. આવા ફોર્મ મહાસભાના રાયપુર કાર્યાલય અથવા મધ્યસ્થ ન્યાયપંચ પ્રમુખશ્રીથી મેળવી શકાશે.

**ફોર્મ નં. ૨ :** (૨) આવી અરજી મળવા બાદ, મધ્યસ્થ ન્યાયપંચ પ્રમુખશ્રી સામેવાળા પક્ષથી (પ્રતિપક્ષ) 'ફોર્મ ૨' મુજબ સંપર્ક સાધશે, જેમાં મધ્યસ્થ ન્યાયપંચ પ્રમુખશ્રી દ્વારા સ્વીકૃત સ્થળે એક નિશ્ચિત તારીખે, સમયે અને સ્થળે 'પ્રતિપક્ષ' ને હાજર રહેવા જાણ કરવામાં આવશે. આ 'ફોર્મ ૨' ની કોપી આવેદકને પણ પ્રેષિત કરવામાં આવશે, જેથી બન્ને પક્ષો એ સ્થળે હાજર રહી કાર્યવાહીમાં ભાગ લઇ શકે.

**ફોર્મ નં. ૩ :** (૩) 'ફોર્મ ૨'માં નિશ્ચિત થયેલ સ્થળે કાર્યવાહી સંપન્ન કરવા માટે, મધ્યસ્થ ન્યાયપંચ દ્વારા **''અધિકૃત સમિતિ''**ના પ્રભારીશ્રી આગળની કાર્યવાહી હાથ ધરશે. આવા પ્રભારીશ્રી પોતાની સમિતિના સભ્યો સાથે બન્ને પક્ષો સાથે ચર્ચા વિચારણા અને સમજાવટથી આપસી સમાધાન થાય તેવા પ્રયાસો કરશે. જો સમાધાન થાય તો 'ફોર્મ ૩' મુજબ સમાધાન થયાની નોંધ લેશે.

**અધિકૃત સમિતિ :** (૪) ઉપરોક્ત રીતે જો સમાધાન થવાની શક્યતા ન જણાય તો અધિકૃત સમિતિના પ્રભારીશ્રીને નીચે પ્રમાણે મધ્યસ્થ ન્યાયપંચની કાર્યવાહી હાથ ધરવી :-

(અ) મધ્યસ્થ ન્યાયપંચના સભ્યો વધુમાં વધુ પાંચ રહેશે. જેમાં એક મહિલા સભ્યનો સમાવેશ કરવામાં આવશે.

(બ) બન્ને પક્ષના કોઇ સગા સંબંધી યા સ્નેહી કે આપ્તવર્ગની નિયુક્તિ મધ્યસ્થ ન્યાયપંચમાં કરવામાં નહીં આવે.

(સ) મધ્યસ્થ ન્યાયપંચના પ્રભારીશ્રી દ્વારા પ્રસ્તુત કરેલ સભ્યોની યાદી પૈકી કોઇ પક્ષને અગર કોઇ નામ મંજુર ન હોય તો તેની જગ્યાએ બીજી વ્યક્તિની નિયુક્તી કરવામાં આવશે.

(ડ) આવી રીતે બન્ને પક્ષોને માન્ય સભ્યોના નામો 'ફોર્મ ૪'માં ભરી, બન્ને પક્ષોના હસ્તાક્ષર કરાવવા. આ ફોર્મમાં બન્ને પક્ષોને શપથપૂર્વક જણાવવું પડશે કે તેઓ 'મધ્યસ્થ ન્યાયપંચ જે ફૈસલો આપશે તે અમોને સ્વીકાર્ય અને બંધનકર્તા રહેશે.''

**કાયદાકીય વ્યવસ્થા :** (૫)મધ્યસ્થ ન્યાયપંચના પ્રભારીશ્રીએ કાર્યવાહી ચાલુ કરવા પહેલા બન્ને પક્ષોને વિગતવાર નીચે મુજબની કાયદાકીય જાણકારી આપવી જરૂરી છે :-

(અ) આપણી જ્ઞાતિમાં લગ્નજીવનના વિખવાદોના નિરાકરણ લાવવાની પ્રથા વર્ષોથી, લગભગ બારમી સદીથી પ્રચલિત છે

(બ) ૧૯૪૭માં આઝાદી મળવા બાદ ભારતમાં Hindu Marriage Act 1955 પ્રભાવશાલી થવાથી છુટાછેડા આપવાનો અધિકાર માત્ર ન્યાયાલયને જ પ્રાપ્ત છે. પરંતુ આ કાયદાની કલમ ૨૯(૨) માં જોગવાઇ છે કે જે જ્ઞાતિઓમાં રૂઢીવાદી છુટાછેડા આપવાની પ્રથા હોય ત્યાં ''રૂઢીવાદી છુટાછેડા'' આપી શકાય છે, અને તેવી પ્રથાને ન્યાયાલયની માન્યતા છે.

(સ) ઉપરોક્ત કાયદાની ઉપરોક્ત જોગવાઇ મુજબ અને તે કાયદાની કલમ ૩(એ)માં જણાવેલ સ્થિતિઓને પૂરી પાડવામાં આપણા સમાજની છુટાછેડા આપવાની પ્રથા ખરી ઉતરે છે અને આવા મુલ્યવાન અધિકાર કાયદાકીય ધોરણે આપણા સમાજને પ્રાપ્ત થયેલ છે.

**(૬) રજુઆત કરનાર સંબંધમાં :-**

૧. મધ્યસ્થ ન્યાયપંચ સમક્ષ રજુઆત કરવા પ્રસંગે અરજદાર અને પ્રતિપક્ષ બન્ને પ્રોઢ કે પુખ્ય વયના હોય તો બન્ને પક્ષો સિવાય અન્ય કોઇ ભાઇ બહેનોને કેસની રજુઆત માટે બોલાવવા કે સાંભળવા નહીં.

૨. પરંતુ અગર મૂળ અરજદાર કે પ્રતિપક્ષ ૨૦ વર્ષથી નીચેની વયના હોય તો, તેઓ અગર ઇચ્છે તો, તેમના મા-બાપને સાથે લાવી શકે છે.

૩. મહિલા અરજદારના મા-બાપ ન હોય તો તેઓ પોતાના વાલીને સાથે લાવી શકે છે.

૪. મધ્યસ્થ ન્યાયપંચની બેઠક વખતે પંચ પોતાની સમક્ષ રજુ થયેલ હકીકતોની ચકાસણી કે ખાત્રી કરવાની નજરે કોઇ વ્યક્તિને સાક્ષી તરીકે સાંભળવાનું અનિવાર્ય ગણે તો તેને બોલાવીને સાંભળી શકે છે.

૫. મધ્યસ્થ ન્યાયપંચની બેઠક અવરજવરથી મુક્ત હોય તેવા શાન્ત અને એકાન્ત સ્થાનમાં યોજવી.

૬. મધ્યસ્થ ન્યાયપંચની સમક્ષ બન્ને પક્ષોને પૂછવામાં આવેલ પ્રશ્નોના મળેલ જવાબોની લેખિત નોંધ રાખવી તથા તેની ઓછામાં ઓછી ત્રણ કોપીઓ કરવી.

**(૭) કેસની સૂનાવણી :**

૧. પ્રથમ તો મધ્યસ્થ ન્યાયપંચે મૂળ અરજદારની આવેલ અરજી તથા હકીકતો તેમજ તે બાબતે પ્રતિપક્ષે આપેલ ખુલાસાઓ વાંચી વિચારી વિવાદના મુખ્ય મુદ્દાઓ સમજી લેવા. ત્યાર બાદ સંબંધિત પક્ષોને સાંભળવા.

૨. સર્વપ્રથમ પતિ ને એકલાને બોલાવવા તથા પોતે જે કાંઇ કહેશે તે પરમાત્માને સાક્ષી રાખી સત્ય હકીકતની જ રજુઆત કરશે તેવી ખાત્રી મેળવવી.

૩. ત્યાર બાદ નીચે દર્શાવેલ સ્વરૂપના પ્રશ્નો પૂછી સત્ય હકીકત મેળવવા પ્રયત્નો કરવા.

(૧) પુરૂં નામ અને સરનામુ (૨) દેશમાં ગામ (૩) હાલ નિવાસ (૪) અભ્યાસ ક્યાં લગી કર્યો છે. (૫) અભ્યાસનું સ્થળ (૬) વર્તમાન વ્યવસાય શું કરો છો (૭) સંયુક્ત પરિવારમાં રહેતા હોય તો સભ્યોનો પરિચય અને સંખ્યા (૮) લગ્ન ક્યારે થયાં (૯) ક્યાં થયા (૧૦) લગ્ન થયા બાદ કેટલા વર્ષ ઘરસંસાર સુખરૂપ ચાલ્યો (૧૧) આ વર્ષો દરમ્યાન લગ્નજીવન સંતોષકારક રહ્યું કે કેમ (૧૨) મન-દુ:ખ કે વિખવાદ ઉભા થવાના કારણ (૧૩) આવા મનદુ:ખ કે વિખવાદના નિવારણ માટે કેવા પ્રયાસો કર્યા. (૧૪) તેમાં સફળતા શા કારણે ન મળી (૧૫) આગળના મતભેદો અને વિવાદને ભૂલી જઇ ફરીથી સાથે રહેવાની

ઇચ્છા કે સંભાવના છે કે કેમ (૧૬) શા કારણે આવું નથી ઇચ્છતા. આ સિવાય અરજદારના આવેદનમાંથી ઉદ્‌ભવતા બીજા આવશ્યક પૂરક પ્રશ્નો પુછવા તથા સત્ય હકીકત બહાર લાવવા માટે ઉલટ સુલટ પ્રશ્નો પુછવા.

૪. પ્રશ્નો અને તેના ઉત્તરોની લેખિત નોંધ રાખવી. પ્રત્યેક રજુઆત વખતે સંબંધિત વ્યક્તિએ આપેલ પ્રત્યુત્રોની નોંધ તેમને વાંચી સંભળાવી તેની નીચે તેના હસ્તાક્ષર કરાવવા.

૫. ત્યાર બાદ તેમના પત્નીને બોલાવવા અને ઉપરોક્ત રીતે તેની પણ રજુઆત નોંધવી અને હસ્તાક્ષર કરાવવા.

૬. આવશ્યક જણાતાં પતિ-પત્નિ બન્નેને એક રૂમમાં અલગથી બેસાડી તેઓ આપસમાં સમજાવટ કરી શકે તે માટે તેઓને અનુરોધ કરવો અને આવી તક આપવી.

૭. તેઓ અગર આપસમાં સમાધાન ન સાધી શકે તો એ પરિસ્થિતિમાં પહેલાં પતિના પિતાને બોલાવવા ત્યાર બાદ તેમના માતુશ્રીને અથવા આવશ્યક્તાનુસાર બન્નેને સાથે બોલાવી, આવશ્યક પ્રશ્નો પૂછી તેમના પ્રત્યુત્તરો નોંધી વાંચી સંભળાવી તેમના હસ્તાક્ષર લેવા.

૮. ત્યાર બાદ જરૂરત જણાતાં પત્નીના માં-બાપ કે વાલીને બોલાવવા તથા તેઓની રજુઆત નોંધી, વાંચી તેની નીચે તેમના હસ્તાક્ષર લેવા.

૯. એ પછી આવશ્યક જણાતાં પતિ-પત્નિને સાથે બોલાવી આવશ્યક પ્રશ્નો અને ઉલટ સુલટ પૂરક પ્રશ્નો પૂછી સત્ય હકીકત જાણવા પ્રયત્નો કરવા.

૧૦. ત્યાર બાદ જરૂર જણાતાં પતિને તેમના મા-બાપની સાથે બોલાવી સમજાવટના પ્રયત્નો કરવા. એવી જ રીતે એ પછી પત્નીને તેના મા-બાપ કે વાલી સાથે બોલાવી સમજાવટની સંભાવના ચકાસી જોવા પ્રશ્નો પૂછવા.

૧૧. આ રીતે યોગ્ય સમાધાન સાધી ન શકાય તો છેવટે પતિ-પત્નિ તથા બન્નેના મા-બાપ કે વાલીઓને એક સાથે બેસાડી સમજાવટ કરવી.

૧૨. સમાધાન થઇ જાય તો 'ફોર્મ નં. ૩' પ્રમાણે ચૂકાદો આપવો. સમાધાન ન સાધી શકાય તો પંચને યોગ્ય લાગે તે મુજબનો ચૂકાદો 'ફોર્મ નં. ૫' મુજબ આપવો.

### (૮) રૂઢીગત છુટાછેડાના કરારનામાનું નિષ્પાદન :

(૧) છુટાછેડાના ચુકાદાની સ્વીકૃતિ મધ્યસ્થ ન્યાયપંચ પ્રમુખશ્રી પાસેથી મેળવવી.

(૨) છુટાછેડાનું કરારનામું ફોર્મ '૭'માં લખવું.

(૩) પચાસ-પચાસ રૂપિયાના (અથવા સ્થાનિક કાનૂન પ્રમાણેના) બે સ્ટેમ્પ પેપર ખરીદવા.

(૪) બન્ને સ્ટેમ્પમાં બે મૂળ (Original) કરારનામાનું લખાણ લખવું જેને બન્ને પક્ષોને એક એક મૂળ (Original) પ્રતિ આપવી. આની એક સત્યપ્રતિલીપી મધ્યસ્થ ન્યાયપંચ પાસે રાખવી.

(૫) આવા મૂળ (Original) કરારનામામાં બન્ને પક્ષોની સહીથી નિષ્પાદન કરાવવું. સાથે સાથે બન્ને પક્ષોની એક એક સાક્ષીની (તેમના મા-બાપમાંથી એકની) સહી કરાવવી. મધ્યસ્થ ન્યાયપંચનું સીલ લગાવી અને મધ્યસ્થ ન્યાયપંચના સભ્યોએ સહી કરવી.

(૬) બન્ને પક્ષોને કરારનામાના નિષ્પાદન બાદ મૂળ (Original) સ્ટેમ્પ પેપર આપી દેવું અને તેની પાવતી રાખવી.

(૭) ઉપરાંત આ મુજબના ચુકાદાની સત્યપ્રતિલીપી મધ્યસ્થ ન્યાયપંચ પ્રમુખશ્રીને આપવી.

(૮) જો પત્નીને ભરણ-પોષણ માટે નિશ્ચિત રકમ આપવાનો ફેંસલો થયો હોય તો સામે પાર્ટીની આર્થિક સ્થિતિની દૃષ્ટિએ પ્રતિમાસની ભરણ પોષણની રકમ નક્કી કરી તેટલી રકમ દર માસે વ્યાજમાંથી આવે તેવી કુલ ભરણ પોષણની રકમ નક્કી કરવી. આ રકમ સીધી પત્ની કે તેના મા-બાપને ન સોંપતા સમાજના બે પ્રતિષ્ઠિત ભાઇઓ તથા પત્નીના એમ ત્રણેના સંયુક્ત નામથી બેન્કમાં ફીક્સ ડીપોઝીટમાં રખાવવી. ઉપરોક્ત કબુલેલી રકમ મધ્યસ્થ ન્યાયપંચને મળી ગયા બાદ પતિ-પત્નિને છૂટાછેડા ના લખાણવાળા સ્ટેમ્પ પેપરો આપવા. પતિ જો પ્રતિમાસ ભરણ પોષણની રકમ આપવાનું કહે તો તે કબૂલવું નહીં.

(૯) દાગીના કે કપડાંની લેતીદેતીના પ્રશ્નો હોય તો બન્ને પક્ષોને સમજી મધ્યસ્થ ન્યાયપંચને યોગ્ય લાગે તેવો નિર્ણય આપવો.

# મધ્યસ્થ ન્યાયપંચ પ્રમુખશ્રીને આપવાનું મૂળ આવેદન પત્ર

**ફોર્મ - ૧**

પ્રતિ,

શ્રી ____________________

પ્રમુખશ્રી મધ્યસ્થ ન્યાયપંચ,
શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા

એડ્રેસ શોપ નં. ૫, બાલાજી ચેમ્બર - ૨, હોટલ પાયલ નીચે, અંજાર (કચ્છ) ૩૭૦૧૧૦ મો. ૯૯૨૫૩૧૮૮૩૪

**આવેદક :** શ્રી/શ્રીમતિ ____________________ પિતા / પતિ ____________________

આયુ વર્ષ: _____ વ્યવસાય : ____________________ કચ્છમાં ગામ : ____________________

હાલ નિવાસ (પુરૂં સરનામું) : ____________________

____________________

ફોન નં. : ____________________ મોબાઇલ નં. : ____________________

**અનાવેદક (પ્રતિપક્ષ) :** શ્રી/શ્રીમતિ ____________________ પિતા / પતિ ____________________

આયુ વર્ષ: _____ વ્યવસાય : ____________________ કચ્છમાં ગામ : ____________________

હાલ નિવાસ (પુરૂં સરનામું) : ____________________

____________________

ફોન નં. : ____________________ મોબાઇલ નં. : ____________________

**મહાનુભાવ,**

આવેદકના લગ્ન તા. .......................... ના ............................ મુકામે અનાવેદક સાથે થયા છે. લગ્ન બાદ આવેદક તથા અનાવેદકના લગ્ન જીવનના સંબંધમાં અન્યોઅન્ય મનદુ:ખ અને વિવાદ ઉભા થતાં સમાજના પ્રચલિત મધ્યસ્થ ન્યાયપંચના ધોરણ અનુસાર વિવાદનું નિરાકરણ લાવવા આવેદક સમાજના મધ્યસ્થ ન્યાયપંચ પ્રમુખશ્રીને આ સંબંધમાં ઉપયુક્ત કાર્યવાહી હાથ ધરવા વિનંતી કરે છે.

આ સંબંધમાં આવેદક સમાજના મધ્યસ્થ ન્યાયપંચને સર્વ પ્રકારનો સંપૂર્ણ સહયોગ આપવા તથા મધ્યસ્થ ન્યાયપંચના ચુકાદાને શિરોમાન્ય તથા બંધનકર્તા ગણવાની આપશ્રીને ખાત્રી આપે છે.

વિનીત

આવેદક

સ્થાન : ........................

તારીખ : ........................

(હસ્તાક્ષર) ...............................

(નામ .........................................)

**સંલગ્ન : વિવાદની વિસ્તૃત જાણકારી**

# મધ્યસ્થ ન્યાયપંચ પ્રમુખશ્રી દ્વારા પ્રતિપક્ષને મોકલવાની સૂચના

**ફોર્મ - ૨** **Regd. A/D**

શ્રી ________________________

પ્રમુખશ્રી મધ્યસ્થ ન્યાયપંચ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

સરનામું : શોપ નં. ૫, બાલાજી ચેમ્બર - ૨, હોટલ પાયલ નીચે, અંજાર (કચ્છ) ૩૭૦૧૧૦ મો. ૯૯૨૫૩૧૮૮૩૪

પ્રતિ,

પ્રતિપક્ષ,

શ્રી/શ્રીમતિ ________________________

વિષય : આપના લગ્નજીવનના વિવાદનો મામલો

સંદર્ભ : આપના પતિ/પત્નિનું આવેદન તા. ____________

આથી આપને જણાવવામાં આવે છે કે આપના પતિ/પત્નિ તરફથી આપના લગ્નજીવનના વિવાદના સમાજના મધ્યસ્થ ન્યાયપંચ મારફતે નિવારણ માટે આવેદન પ્રાપ્ત થયું છે. આવેદનની સંક્ષેપમાં વિગત આ પ્રમાણે છે. :

૧. ________________________

૨. ________________________

૩. ________________________

આથી નિવેદન છે કે આપ ઉપરોક્ત આવેદનના સંદર્ભમાં આપનું 'વળતું નિવેદન', નિવેદનના સમર્થનમાં દસ્તાવેજોની નકલો તથા સાક્ષીઓની યાદી તા. ____________ ના (સ્થળનું પૂરૂં સરનામું) ________________________ આયોજીત બેઠકમાં સવારના કલાકે ________ જાતે હાજર રહીને દાખલ કરશો, જેથી બન્ને પક્ષોને સાંભળીને યોગ્ય કાર્યવાહી કરી શકાય.

કૃપયા નોંધ લેશો કે આપણા સમાજમાં વર્ષોથી પ્રચલિત લગ્નજીવનના વિવાદોનું સમાજના મધ્યસ્થ ન્યાયપંચ દ્વારા ઉપયુક્ત નિરાકરણ લાવવાની પ્રથાને અને રૂઢીગત છુટાછેડાનો ચુકાદો આપવાના અધિકારને હિંદુ વિવાહ અધિનિયમ, ૧૯૫૫ (Hindu Marriage Act 1955) ની ધારા ૨૯ (૨) મુજબ ન્યાયાલય (Court) ની પણ માન્યતા છે.

માટે જો આપ ઉપરોક્ત નિર્દેશાનુસાર હાજર નહી રહો, તો એમ માની લેવામાં આવશે કે આ વિષે આપને કંઇજ કહેવું નથી તથા આપની ગેરહાજરીમાં એક તરફી નિર્ણય પણ લઇ શકાય છે જેની નોંધ લેશો.

સ્થાન : .........................

તારીખ : .........................

વિનીત

પ્રમુખશ્રી, શ્રી મધ્યસ્થ ન્યાયપંચ,

સીલ અને સહી .....................................

નામ ..................................................

**પ્રતિલિપી :**

(૧) આવેદક શ્રી/શ્રીમતી ................................................ ને ઉપરોક્ત સમય તથા સ્થળે હાજર રહેવા માટે.

નોંધ : બન્ને પક્ષોએ ઉપરોક્ત બેઠકમાં પોત-પોતાના સંબંધિત મૂળ દસ્તાવેજો, વાલીઓ તથા સાક્ષીઓને પણ સાથે લાવવા.

# સમાધાનનો ફેંસલો

**ફોર્મ - ૩**

શ્રી મધ્યસ્થ ન્યાયપંચ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

શોપ નં. ૫, બાલાજી ચેમ્બર - ૨, હોટલ પાયલ નીચે, અંજાર (કચ્છ) ૩૭૦૧૧૦ મો. ૯૯૨૫૩૧૮૮૩૪

**આવેદક :** શ્રી/શ્રીમતી ____________________ પિતા/પત્નિ ____________________

સરનામું : ________________________________________

________________________________________

**અનાવેદક :** શ્રી/શ્રીમતી ____________________ પિતા/પત્નિ ____________________

સરનામું : ________________________________________

________________________________________

આપ બન્નેના નિવેદનોને અનુલક્ષીને અમોએ બન્ને પક્ષોને વ્યક્તિગત અને સંયુક્ત રીતે સાંભળ્યા છે. બન્ને પક્ષોના નિવેદનો, હકીકતો અને ખુલાસાઓ વિગતવાર સાંભળ્યા બાદ અમોને સર્વાનુમતે લાગ્યું છે કે ઉપરોક્ત બન્ને પક્ષો વચ્ચે સંયોગવસાત જે કંઇ ગેરસમજ અને મનદુ:ખ ઊભું થયેલ તેનું, પંચ સમક્ષ કરવામાં આવેલ વિગતવાર ખુલાસાઓના કારણે, સમાધન થયું છે તથા ઊભી થયેલ ગેરસમજૂતી દૂર થઇ ગઇ છે.

પરિણામે પતિ-પત્નિ બન્નેએ અન્યોઅન્ય પૂર્વવત સંબંધ જાળવી રાખવાની તેમજ સંપ સલાહથી હવે સાથે રહીને લગ્નજીવન નિભાવવાની પંચ સમક્ષ સ્પષ્ટ ખાત્રી અને કબુલાત આપી છે, તથા તે ઉદ્દેશની પૂર્તિ અર્થે પતિ-પત્નિ તરીકે અન્યોઅન્ય અનુકૂળ બની સાથે રહેવાનું સ્વીકાર્યું છે.

બન્ને પક્ષોની પંચ સમક્ષ આવી બિનશરતી કબુલાતથી પંચને સંતોષ અને આનંદ થયો છે, તથા પંચ બન્નેને સલાહ-સંપથી પૂર્વવત પતિ-પત્નિ તરીકે સાથે રહેવાની સૂચના કરે છે. ઉપરાંત ઘટકના માનનીય પ્રમુખશ્રી યા સંબંધિત અધિકૃત પ્રતિનિધિને આવશ્યકતાનુસાર આ મામલાની ઉપયુક્ત વારફેર કરવા તથા આ બન્નેને જરૂરત મુજબ સહાયભૂત બનવાની સૂચના આપે છે.

ઉપર મુજબનો ફેંસલો મધ્યસ્થ ન્યાયપંચે આપેલ છે તે અમોને કબુલ મંજુર અને બંધનકર્તા છે.

સ્થાન : .........................

તારીખ : .........................

હસ્તાક્ષર :

(૧) આવેદક ................................

(નામ ......................................)

(૨) અનાવેદક ................................

(નામ ......................................)

સાક્ષીઓ :

(૧) ................................

(નામ ......................................)

(૨) ................................

(નામ ......................................)

હસ્તાક્ષર મધ્યસ્થ ન્યાયપંચના સભ્યોના :

(૧) ......................................

(નામ ......................................)

(૨) ......................................

(નામ ......................................)

(૩) ......................................

(નામ ......................................)

(૪) ......................................

(નામ ......................................)

(૫) ......................................

(નામ ......................................)

# મધ્યસ્થ ન્યાયપંચની નિયુક્તિ

**ફોર્મ - ૪**

પ્રમુખશ્રી મધ્યસ્થ ન્યાયપંચ,

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

**આવેદક :** શ્રી/શ્રીમતી ______________________ પિતા/પત્નિ ______________________

ઉંમર : ________ કચ્છમાં ગામ : ______________ સરનામું : ______________________

______________________ ફોન : ______________________

અનાવેદક : શ્રી/શ્રીમતી ______________________ પિતા/પતિ ______________________

ઉંમર : ________ કચ્છમાં ગામ : ______________ સરનામું : ______________________

______________________ ફોન : ______________________

આપ બન્નેના લગ્નજીવનમાં ઊભા થયેલ વિવાદના સામાજીક મધ્યસ્થ ન્યાયપંચના ધોરણે નિરાકરણ માટે આપ બન્ને દ્વારા સ્વીકૃત નીચે મુજબ મહાનુભાવોનું મધ્યસ્થ ન્યાયપંચ નિયુક્ત કરવામાં આવે છે. આશા છે આપ આપનો હાર્દિક સહયોગ મધ્યસ્થ ન્યાયપંચને આપશો.

| ક્ર. | નામ | સરનામું | હસ્તાક્ષર |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |

ઉપરોક્ત મધ્યસ્થ ન્યાયપંચ આપના મામલામાં ચુકાદો આપશે.

ભવદીય

સ્થાન : ........................ સહી ......................................

તારીખ : ........................ સીલ ......................................

પ્રમુખશ્રી/પ્રભારીશ્રી મધ્યસ્થ ન્યાયપંચ

**ઉપર મુજબનું મધ્યસ્થ ન્યાયપંચ અમોને કબુલ મંજુર છે તથા મધ્યસ્થ ન્યાયપંચ જે ફેંસલો આપશે તે અમોને સ્વીકાર્ય અને બંધનકર્તા રહેશે તેની ખાત્રી અમો શપથપૂર્વક આપીએ છીએ.**

હસ્તાક્ષર .................................. હસ્તાક્ષર ..................................

આવેદક નામ ................................. અનાવેદક નામ .................................

તારીખ : ................................. તારીખ : .................................

# રૂઢિગત છુટાછેડાનો ચુકાદો ફોર્મ - ૫

**(Decision of Customary Divorce)**

**પક્ષ ક્ર. ૧ – પતિ** : શ્રી ______________________ પિતા ______________________

આયુ વર્ષ : ________ વ્યવસાય : ______________________ કચ્છમાં ગામ : ______________

હાલ નિવાસ (પુરૂં સરનામું) : ______________________________________________

______________________________________________ ફોન : ______________________

**પક્ષ ક્ર. ૨ – પત્નિ** : શ્રીમતી ______________________ પિતા/પતિ ______________________

આયુ વર્ષ : ________ વ્યવસાય : ______________________ કચ્છમાં ગામ : ______________

હાલ નિવાસ (પુરૂં સરનામું) : ______________________________________________

______________________________________________ ફોન : ______________________

બન્ને પક્ષોના સંબંધિત આવેદન તથા વળતા નિવેદન પરથી અમોએ ઉભયપક્ષને જુદા-જુદા અને સંયુક્ત રીતે સાંભળ્યા છે. બન્ને પક્ષોને શાંતિથી ખૂબજ વિસ્તારપૂર્વક સાંભળ્યા બાદ મુખ્ય હકીકતો પર ગંભીરપણે તથા તટસ્થ રીતે વિચાર કરતાં અમોને સર્વાનુમતે એવી ખાત્રી અને પ્રતીતિ થઇ છે કે બન્નેના વર્તમાન આંતરીક વિવાદના સ્વરૂપને જોતાં તેઓ હવે પતિ-પત્નિ તરીકે સાથે રહી શકે તેવી પરીસ્થિતિ નથી તથા તેઓ બન્ને પણ એકબીજાથી છુટા થવા ઇચ્છે છે.

ઉપરોક્ત પરીસ્થિતિની દષ્ટિએ આ બન્નેને શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજની વર્ષોથી પ્રચલિત પ્રથા તથા મધ્યસ્થ ન્યાયપંચના ધોરણ અનુસાર રૂઢીગત છુટાછેડા આપવામાં આવે છે. તદ્અનુસાર હવેથી **પક્ષ. ક્ર. ૧** શ્રી ______________________ પિતાશ્રી ______________________

**પક્ષ ક્ર. ૨** શ્રીમતી ______________________ પિતાશ્રી ______________________ ના પતિ રહેતા નથી. હવે તે પોતે સ્વતંત્ર રહી શકે છે તેમજ ઇચ્છે તો બીજાં લગ્ન કરી શકે છે.

તેવી જ રીતે **પક્ષ ક્ર. ૨** હવે પછી **પક્ષ ક્ર. ૧** ના પત્ની રહેતા નથી અને સ્વતંત્ર રહી શકે છે તેમજ ઇચ્છે તો બીજાં લગ્ન કરી શકે છે.

આ ચુકાદાના અન્વયે હવે પછી **પક્ષ ક્ર.૧** ની સ્થાવર જંગમ મિલ્કત કે સંપત્તિમાં **પક્ષ ક્ર. ૨** નો કોઇ હિસ્સો, હક કે દરદાવો રહેતો નથી.

આવી જ રીતે **પક્ષ ક્ર. ૨** ની સ્થાવર – જંગમ મિલ્કત કે સંપત્તિમાં **પક્ષ ક્ર. ૧** નો કોઇ હિસ્સો, હક કે દરદાવો રહેતો નથી. ઉપરાંત **પક્ષ ક્ર. ૧** દ્વારા **પક્ષ ક્ર. ૨** ને સામટી ભરણ-પોષણની રકમ રૂા. ______________ (શબ્દોમાં રૂપિયા) ______________________

______________________ આપવા બંધાય છે.

બન્નેના લગ્ન-જીવનનું બાળક/બાળકો (નામ તથા ઉંમર ______________________ )

નો કબ્જો હવેથી પક્ષ ક્રં ______ નો ગણાશે તથા બાળક/બાળકો (નામ) ______________________

હવેથી તેમના પિતાશ્રી / માતુશ્રી પક્ષ ક્ર. ______ ની સાથે રહેશે.

બન્ને પક્ષોને જે દરદાગીના તથા સરસામાન આપવામાં આવેલ, તે એકબીજાને પાછા સોંપી દે અથવા જે પ્રકારની સમજુતી થઇ હોય તે પ્રમાણે વર્તે (તેવું લખવું)

______________________________________________________________

**પક્ષ ક્ર. ૨**ની નાકની સળી જે **પક્ષ ક્ર. ૧** ને આપેલ છે તે પાછી લેવાની નથી.

મધ્યસ્થ ન્યાયપંચના સભ્યોના હસ્તાક્ષર

૧ ..................................................

(નામ ..................................................)

૨ ..................................................

(નામ ..................................................)

૩ ..................................................

(નામ ..................................................)

૪ ..................................................

(નામ ..................................................)

૫ ..................................................

(નામ ..................................................)

સ્થાન : .........................

તારીખ : .........................

મધ્યસ્થ ન્યાયપંચનું સીલ

ઉપર મુજબનો ફેંસલો શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના મધ્યસ્થ ન્યાયપંચે આપેલ છે તે અમોને સર્વ રીતે કબુલ-મંજુર અને બંધનકર્તા છે.

સાક્ષીઓના હસ્તાક્ષર

૧. ..........................................

(નામ....................................)

૨. ..........................................

(નામ....................................)

પક્ષોના હસ્તાક્ષર

પક્ષ ક્ર.૧/પતિ ..........................................

(નામ....................................)

તા. ....................

પક્ષ ક્ર.૨/પતિ ..........................................

(નામ....................................)

તા. ....................

# રૂઢિગત છુટાછેડાનો કરારનામું **ફોર્મ - ૬**

આ કરારનામા માટે, જે રાજ્ય/પ્રાન્તમાં થયું હોય ત્યાંના મુદ્રાંક કાયદા પ્રમાણેના સ્ટેમ્પ પેપરનો ઉપયોગ કરવો.

## (Deed of Customary Divorce)

રૂઢિગત છુટાછેડાનું આ કરારનામું શ્રી ____________________

ઉંમર __________ વર્ષ, સુપુત્ર ____________________ ધંધો ____________________

કચ્છમાં ગામ ____________________ હાલ નિવાસ ____________________

(જેને આગળ પતિ કહેવામાં આવેલ છે) જે કરારના એક પક્ષકાર છે તથા શ્રીમતી ____________________

ઉંમર વર્ષ __________ (પતિ/પિતા ____________________ કચ્છમાં ગામ ____________________

હાલ નિવાસ ____________________ (જેને આગળ પત્ની કહેવામાં આવેલ છે) જે કરારના બીજા પક્ષકાર છે ની વચ્ચે સન્ ૨૦ ____ વર્ષ ના માસના __________ દિવસે કરવામાં આવ્યું છે.

જત આ કરારના પક્ષકારો હિંદુ છે તથા તેમના લગ્ન તા. __________ ના __________ મુકામે થયાં હતા.

તથા જત લગ્ન જીવનના વિખવાદ અને મનદુઃખના કારણે બન્ને છેલ્લા __________ વર્ષથી એકબીજાથી જુદા અને સ્વતંત્ર રહે છે.

તથા જત બન્નેને આવા વિવાદ અને મનદુઃખના કારણે એવી દઢ પ્રતીતિ અને ખાત્રી થઇ છે કે હવે તેઓ અન્યોઅન્ય પતિ-પત્નિ તરીકે સાથે રહી શકે તેવી કોઇ જ સંભાવના કે આશા રહી નથી.

તથા જત બન્ને પક્ષકારો શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના છે જ્યાં પારસ્પરિક સહમતિથી સમાજના મધ્યસ્થ ન્યાયપંચો સમક્ષ રૂઢીગત વિવાહ વિચ્છેદની પ્રથા વર્ષોથી માન્ય છે.

## માટે હવે આ કરાર સાક્ષ્ય સ્વરૂપ નીચે મુજબ શરતોને આધીન રહીને કરવામાં આવે છે.

૧. ઉપરોકત કારણસર આ કરારના પક્ષકારો અન્યોઅન્ય સ્વેચ્છાપૂર્વક નક્કી કરી બંધાય છે કે પતિ તથા પત્નીના લગ્ન આજની તારીખથી વિઘટીત થાય છે તથા બંને પક્ષકારોને એકબીજા પ્રત્યે કોઇ પણ વિવાહ-વિષયક વાદ કે કારણ નથી રહેતો.

૨. તદ્નુસાર આ કરારના કોઇ પણ પક્ષકારની સર્વ પ્રકારની સ્થાવર જંગમ મિલ્કત કે સંપત્તિમાં બીજા પક્ષકારનો કોઇ હક, હિસ્સો, અધિકાર કે દાવો રહેતો નથી.

૩. પતિ-પત્ની અન્યોઅન્યની ચીજ વસ્તુઓ, દરદાગીના, રાચરચીલું વગેરે એકબીજાને સ્વેચ્છાએ સોંપી દઇ મુક્ત થાય છે.

૪. ઉપરાંત શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજની વર્ષોથી પ્રચલિત મધ્યસ્થ ન્યાયપંચાયતની રૂઢી અનુસાર સમાજના મધ્યસ્થ ન્યાયપંચે બન્ને પક્ષો, પતિ-પત્નિને રૂઢીગત છુટાછેડાનો જે ફેંસલો આપ્યો છે તે તેમને કબુલ મંજુર અને બંધનકર્તા છે.

૫. ઉપરોક્ત પ્રમાણે વિવાહ વિચ્છેદ થયે, આ કરારનો પ્રત્યેક પક્ષકાર સ્વતંત્ર રહી શકે છે અને અગર ઇચ્છે તો જ્ઞાતિ પ્રથા અનુસાર પુનઃ લગ્ન કરી શકે છે.

આ કરારના સાક્ષ્ય સ્વરૂપ રૂઢીગત છુટાછેડાનું આ કરારનામું બન્ને પક્ષોએ રાજીખુશીથી પરસ્પર સમજુતીપૂર્વક શાંત ચિત્તે વિચારી સમજીને તથા કોઇપણ પ્રકારના કોઇનાએ દબાણ વિના કરેલ છે તે બન્નેને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને તે બદલ સાક્ષીઓ સમક્ષ બન્નેએ નીચે મુજબ હસ્તાક્ષર કરેલ છે.

સ્થાન : ........................

તારીખ : ........................

સાક્ષીઓ :

૧. ..............................................
(નામ......................................)

૨. ..............................................
(નામ......................................)

૩. ..............................................
(નામ......................................)

૪. ..............................................
(નામ......................................)

૫. ..............................................
(નામ......................................)

૬. ..............................................
(નામ......................................)

૭. ..............................................
(નામ......................................)

હસ્તાક્ષર :

૧. પ્રથમ પક્ષ/પતિ (સહી) ..............................
(નામ ..............................................)

૨. દ્વિતીય પક્ષ/પત્નિ (સહી) ..............................
(નામ ..............................................)

સીલ
મધ્યસ્થ ન્યાયપંચનું

હસ્તાક્ષર ...........................
નામ ......................................
પ્રમુખશ્રી/પ્રભારીશ્રી
શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા મધ્યસ્થ ન્યાયપંચ

# (Deed of Customary Divorce)

**Form No. 7** **(To be executed on stamp paper of value as per Local Law)**

THIS DEED OF CUSTOMARY DIVORCE is made on this ________ th day of __________ in the year ______ between Shri ____________________

Son of Shri ____________________ aged ________ years and resident of ____________ ____________________ (hereinafter called as HUSBAND) and who is FIRST PARTY of this DEED AND Smt. ____________________

daughter/wife of Shri ____________________ aged ________ years and resident of ____________________ (hereinafter called as WIFE) and who is SECOND PARTY of this DEED.

WHEREAS THE FIRST PARTY was married with SECOND PARTY on ________ at ____________

WHEREAS due to mental distress and difference of married life both the Parties are living separately and independently since last ______ years.

WHEREAS both the Parties belong to a Society called Shri Kutch Gurjar Kshatriya Samaj, wherein there is a prevelant recognised custom of enpowering Society - Panchs to give Customary Divorce by mutual consent of parties.

**NOW THEREFORE THE PARTIES TO THIS DEED HERETO MUTUALLY AGREE ON FOLLOWING TERMS :-**

1. Due to aforementioned reasons both the Parties hereto have mutually by their own free will decided and agreed to dissolve and nullify their marriage from today onwards and now both parties do not have any marital dispute or claim whatsoever amongst each other.
2. Henceforth any party of this deed does not have any right, title, share or claim whatsoever in other party's movable or immovable assets or property.
3. Now both Parties have mutually and willfully handed over to each other their belongings, clothings, jewellery and personal effects, And both parties are now feee from any liability for the same.
4. Henceforth both Parties hereto agree, accept and declare their legal binding to follow the order of Customary Divorce issued by the Nyayapanch of the Society - Shri Kutch Gurjar Kshartiya Samaj in accordance with Society's prevalent recognised customs.
5. Henceforth after aforementaioned declaration of dissolution of marriage, both the parties of this deed hereto are free and independent to live seperately and if so desire can re-marry in accordance with the society's customs.

IN WITNESS WHEREOF THIS DEED OF CUSTOMARY DIVORCE in executed by both the Parties hereto of their own free will, understanding and consent with peaceful mind and without any one's influence or compulsion AND both Parties hereto agree, accept and bind themself legally to follow the terms of this DEED, AND both Parties have affixed their respective signatures to this DEED at ______ on this ________ day of __________ in the year __________ in presence of the witnesses.

Place : .........................
Date : .........................

Witness :
1. ............................................
(Name .....................................)
2. ............................................
(Name .....................................)
3. ............................................
(Name .....................................)
4. ............................................
(Name .....................................)
5. ............................................
(Name .....................................)
6. ............................................
(Name .....................................)
7. ............................................
(Name .....................................)

Signature :
1. First Party/Husband ...............................
(Name .............................................)
2. Second Party/Wife ...............................
(Name .............................................)

Seal of
Madhyasth Nyaypanch

Signature ............................
Name ......................................
President / Prabhari
Shri K.G.K. Samaj Mahasabha Nyaypanch